વલસાડ ખાતે ૧૫ ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્યની ઉપસ્થિતિમાં સ્વતંત્રતા દિવસ યોજાશે

વલસાડ,તા.૧૧

વલસાડમાં ૧૫ ઓગસ્ટના રાજ્ય કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી થવાની છે. આ કાર્યક્રમમાં ઝ્ર ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય હાજર રહેવાના છે. જો કે ૧૫ ઓગસ્ટના પર્વની ઉજવણી પહેલા વલસાડમાંથી શંકાસ્પદ બોટ મળી આવી છે. જેના પગલે પોલીસ દોડતી થઇ છે. ૧૫ ઓગસ્ટની ઉજવણી પૂર્વે તૈયારીઓ અને સુરક્ષાના ભાગ રુપે હવાઇ નિરીક્ષણ કરવામાં આવી રહ્યુ હતુ. દમણ કોસ્ટગાર્ડે હવાઈ માર્ગે નિરીક્ષણ કર્યું હતુ. જે દરમિયાન આ બોટ મળી આવી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ બોટ ઓમાનની હોવાનું અનુમાન છે. બોટમાં હાલ શંકાસ્પદ કોઈ પણ વસ્તુ મળી આવી નથી. જો કે બોટ મળી આવતા જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરુ કરી છે. સાથે જ માછીમારોની પૂછપરછ હાથ ધરી છે

મુખ્ય જાહેર પરીક્ષામાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગેરરીતિ આચરી

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ની ઘટના : ગેરરીતિ કરનાર પકડનારા વિદ્યાર્થીને જે તે વિષયમાં ૦ ગુણ મુકાશે

સુરત,તા.૧૧

પરીક્ષામાં અનેક ગેરરીતિના કિસ્સા સામે આવ્યા બાદ સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એ નવો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરીતિ ન કરી શકે તે માટે કડક નિયમ અમલી કરવામાં આવ્યો છે. જો પરીક્ષામાં કોઇ પણ વિદ્યાર્થી ગેરરીતી કરશે તો, જે તે વિષયમાં ૦ માર્ક અપાશે અને પેનલ્ટી પણ વસૂલ કરવામાં આવશે. જો વિદ્યાર્થી બીજી વખત ગેરરીતિ કરતા પકડાય તો, તમામ વિષયમાં ૦ માર્ક અપાશે અને ફેલ કરી દેવાશે. પરીક્ષાનું પરિણામ પણ અટકાવી દેવાશે, ૬ મહિના સુધી વિદ્યાર્થી પરીક્ષા પણ નહીં આપી શકે.ઉલ્લેખનીય છે, ફ્દ્રજીર્ંમાં ર્મ્ર્ંસ્ની પરીક્ષામાં ગેરરીતિ કરનારા ૪૦૦ વિદ્યાર્થીઓ પકડાયા હતા. યુનિવર્સિટીએ તમામ વિદ્યાર્થીઓના જે તે વિષયમાં ૦ માર્ક મૂકી દીધા છે અને ૫૦૦ રૂપિયા પેનલ્ટી પણ વસૂલ કરવામાં આવી. મહત્વનું છે, યુનિવર્સિટીમાં તમામ ગેરરીતિ આચરનારા ૪૦૦ વિદ્યાર્થીઓને હિયરીંગ માટે બોલાવાયા હતા. જેમાંથી ૨૫૦ વિદ્યાર્થી હાજર રહ્યા અને ૧૫૦ વિદ્યાર્થીઓ હિયરીંગમાં હાજર ન રહ્યા. હાલ, તો આ વિદ્યાર્થીઓના જે તે વિષયમાં ૦ માર્ક મુકાયા છે. આ વિદ્યાર્થીઓ હવે હાજર નહીં રહે તો વધુ કાર્યવાહી કરાશે. પરીક્ષામાં ગેરરીતિને અટકાવવા યુનિવર્સિટી દ્વારા પગલાં લેવાઇ રહ્યાં છે, હવે જોવાનું રહ્યું કે નવા નિયમો બાદ ગેરરીતિ કેટલી અટકે છે!

અમદાવાદમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં ૨૨ વર્ષીય યુવાને જિંદગી ગુમાવી

ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના રસ્તા પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ગુરુવારની રાત્રે સાહિલ અજમેરી નામનો યુવક પોતાની નોકરી પૂરી કરી પોતાના ઘર તરફ ગાયકવાડ હવેલી તરફ જઈ રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા ૨૨ વર્ષીય સાહિલ અજમેરીનું મોત પામ્યું છે.

આ ઘટનાની જાણ એમ ટ્રાફિક પોલીસને થતા ટ્રાફિક પોલીસે મૃતક સાહિલ અજમેરીના પરિવારનો સંપર્ક કર્યો હતો.

ત્યારે એમ ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, શહેરમાં મોડી રાત્રે અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે હજુંઈસ્કોન બ્રિજ પર બેફામ કામ હંકારીને તથ્ય પટેલે ૯ લોકોના જીવ લીધા છે, આ ઘટનાને હજું કળ વળી નથી. મણિનગરમાં પણ દારૂના નશામાં કાર હંકારનારા યુવકે અકસ્માત સર્જ્યો હતો.



ગાધાનગર ઉત્તરના ધારાસભ્ય માનનાય શ્રીમતી રાટાબન કતનકુમાર પટલ પાતાના કાયાલયમા ખાસ આમંત્રણ આપીને ગુજરાત રાજ્ય યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજયભાઈ મહેતાનું સન્માન કર્યું હતું. સંજીવ મહેતા વિશ્વ ધર્મ પરિષદમાં ભાગ લેવા માટે શિકાગો જઈ રહ્યા છે શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે તમે ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે સહકાર ક્ષેત્રના અગ્રણી કેતનભાઇ પટેલ અને પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલે પણ તેમનું સ્વાગત કર્યું હતું

ગાંધીનગરમાં લાયસન્સ બારોબાર ઈસ્યુ કરવાનો ખેલ ઉઘાડો પડ્યો

આરટીઓમાં મહાકૌભાંડ : સરકારી ડોક્યુમેન્ટમાં છેડછાડ કરતા સાયબર ક્રાઈમ દ્વારા ૪૦૯ની કલમ ઉમેરી વધુ તપાસ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરમા આરટીઓ કચેરીમા ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કરવાના કૌભાંડમા આરટીઓ ઈન્સ્પેકટરે ૨૦૦થી વધુ લાયસન્સ ગેરકાયદે ઈસ્યુ કર્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. સરકારી ડોકયુમેન્ટમાં છેડછાડ કરતા સાયબર ક્રાઈમે ૪૦૯ની કલમ ઉમેરી વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર આરટીઓમાં ફરજ બજાવતા ઈન્સપેકટર સમીર રતન ધારિયા અને જયદીપસિંહ ઝાલા તેમજ બે એજન્ટની ધરપકડ બાદ સાયબર ક્રાઈમે શરૂ કરેલી તપાસમા ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કરવાના કૌભાંડમા મોટો ઘટસ્ફોટ સામે આવ્યા છે. જેમા આરટીઓ અધિકારીઓએ સરકારી રેકોર્ડમા છેડછાડ કરીને ટેસ્ટ વગર ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કર્યા હોવાનુ તપાસમા ખુલ્યુ છે. સાયબર ક્રાઈમની ટીમે સરકારી રેકોર્ડમા છેડછાડ કરવા બદલ ૪૦૯ની વધુ એક કલમનો ઉમેરા કર્યો છે. સાયબરની ટીમ ગાંધીનગર આરટીઓ પાસ અર્થે ગયા ત્યારે રેકોર્ડ પુરાવામા અધિકારીઓનુ રજીસ્ટ્રેશનમા હાજરીના પુરાવા મળ્યા નહતા. આ ઉપરાંત લાયસન્સ માટે અરજી અને તેના ડ્રાઈવીંગના વીડીયોના પુરાવા પણ મળ્યા નથી. આ પ્રકારે ૨૦૦થી વધુ લોકોને ટેસ્ટ વગર લાયસન્સ આપ્યા છે અને સરકારી રેકોર્ડમા છેડછાડ પણ કરી હોવાનુ તપાસમા ખુલ્યુ છે.

લાયસન્સ કૌભાંડમા સાયબર ક્રાઈમે અગાઉ પકડાયેલ આરોપીઓની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતુ કે,આરટીઓ અધિકારીની મિલી ભગતથી જ આ કૌભાંડ ચાલતું હતું. જેથી સાયબર ક્રાઈમે ગાંધીનગર આર ટી ઓમાં ફરજ બજાવતા સમીર રતન ધારિયા અને જયદીપસિંહ ઝાલા, બે એજન્ટ સહિત ચારની ધરપકડ કરી હતી. કારણ કે, પોલીસને મળેલા નવ લાયસન્સ માટેની અરજીમાં મોટા ભાગના લાયસન્સમાં આઈ પી એડ્રેસ આર ટી ઓની બહારના હોવાનું સામે આવ્યું છે. લાયસન્સ માટે આવતી અરજીને મંજુર કરવા માટેનો પાસવર્ડ માત્ર આર ટી ઓના અધિકૃત અધિકારી પાસે જ હોય છે. છતાં પણ પકડાયેલ બન્ને આરટીઓ અધિકારીએ એજન્ટને આઈડી પાસવર્ડ આપ્યો હતો. આ રેકેટની તપાસ દરમ્યાન ઈંમા ચાલતા ગોરખધંધાનો પ્રર્દાફાશ થયો છે. ગાંધીનગરમા આરટીઓ કચેરીમા ટેસ્ટ વગર ગેરકાયદે ઈસ્યુ થતા લાયસન્સમા હજુ પણ અનેક લોકોની સંડોવણી ખુલી છે. હાલમા સાયબર ક્રાઈમે ૨૦૦ જેટલી શંકાસ્પદ અરજીઓને લઈને તપાસ શરૂ કરી છે. આ અરજદારોની પણ કોઈ શંકાસ્પદ ભૂમિકા સામે આવશે તો તેમની વિરૂધ્ધ પણ કાયદેસરની કાર્યવાહીને લઈને તપાસ શરૂ કરાઈ છે.

કોબા સ્થિત પ્રાચીન અને ઐતિહાસિક કુંભેશ્વર મહાદેવ મંદિરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જયારે આ તબક્કે ગાંધીનગરના મેયર હીતેશ મકવાણાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન ભાવિકો ઉપરાંત સ્થાનિક અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રેલવે ડીવાઈએસપીએ કાર્યવાહી કરી

વાહનચાલકને લાફો મારનાર પોલીસ કર્મીને સસ્પેન્ડ કરાયો

૫ ઓગસ્ટની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ કાર્યવાહી

સુરત,તા.૧૧

સુરતમાં ટ્રાફિક ચલણ અંગે પોલીસકર્મીએ વાહનચાલકને લાફો મારવા મુદ્દે સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેલવે ડીવાઈએસપીએ પોલીસ કર્મીને ફરજ મોકૂફ કરી દીધો છે. રેલવે પોલીસ કર્મી નરસિંહ ચૌધરીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા ગેરવર્તણૂક કરવામાં આવતા રેલવે ડીવાઈએસપીએ કાર્યવાહી કરી હતી. ૫ ઓગસ્ટની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

મહત્વનું છે કે સુરતમાં ટ્રાફિક ચલણને લઈને પોલીસકર્મીએ એક વાહનચાલકને લાફો માર્યો હતો.

વાહનચાલકે વીડિયો ઉતારતા તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ૫ ઓગસ્ટની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસ કર્મચારી સામે કાર્યવાહી કરવામાં આવી છે.

મહાઠગ કિરણ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજૂર

અમદાવાદ,તા.૧૧

મહાઠગ કિરણ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. મોરબીના વેપારી સાથે થયેલા છેતરપિંડીના કેસમાં કિરણ પટેલને અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયો હતો. ક્રાઇમ બ્રાંચે કિરણ પટેલના ૭ દિવસના રિમાન્ડની માગ કરી હતી. જયાં કોર્ટે કિરણ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મહાઠગ કિરણ પટેલને શ્રીનગર જેલમાંથી અમદાવાદ લવાયો હતો. ક્રાઇમ બ્રાંચે ટ્રાન્સફર વોરંટથી કિરણ પટેલની ધરપકડ કરી હતી.મહાઠગ કિરણ પટેલની વધુ એક કેસમાં ટ્રાન્સફર વોરંટથી ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. મોરબીના એક વેપારીને ઠગ કિરણ પટેલે GPCBના લાઈસન્સ કઢાવાના બહાને લાખો રૂપિયા છેતરપીંડી આચરી હતી. જોકે ઠગ કિરણ વિરુદ્ધ ચોથી ફરિયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પણ આ કેસની તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપતા તેની શ્રીનગરથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી છે. હવે રિમાન્ડ મંજૂર થતા આ કેસમાં કિરણની પૂછપરછ કરવામાં આવશે.

i-Hub દ્વારા રાજ્યના સ્ટાર્ટઅપ્સ માટે અત્યાધુનિક સેન્ટર વિકસિત કરાયું

આંતરરાષ્ટ્રીય યુવા દિવસઃ ૧,૫૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારના આ સેન્ટરમાં એક જ જગ્યાએથી ૫૦૦ સ્ટાર્ટઅપ્સ કામ કરી શકશે

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતે યુવાનોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અને પહેલો હાથ ધરી છે. આજે દેશભરના યુવાનો સ્ટાર્ટઅપ્સની દિશામાં આગળ વધી રહ્યા છે, ત્યારે રાજ્યના યુવાનોને પોતાના નવીન સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા માટે પ્રોત્સાહન મળે તે દિશામાં ગુજરાત સરકારે કામ કર્યું છે. દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વિકસિત કરવા માટે તેમજ દેશના યુવાનો 'જોબ સીકર' ને બદલે 'જોબ ગિવર' બને તે ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' મિશન શરૂ કર્યું છે. આ મિશન માટે કામ કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP 2.0) પણ જાહેર કરવામાં આવી છે. સ્ટાર્ટઅપ્સ માટે સુવિધાઓ વિકસિત કરવામાં ગુજરાત એક કદમ આગળ વધી રહ્યું છે. SSIP હેઠળ સ્થાપિત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ (i-Hub) દ્વારા ટુંક સમયમાં એક અત્યાધુનિક સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

હરિયાણા વિશ્વવિદ્યાલય દ્વારા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રાકૃતિક કૃષિ, પ્રાકૃતિક ચિકિત્સા અને દેશ સેવામાં તેમના અનન્ય યોગદાન બદલ ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ ઉપાધિથી સન્માનિત કરાયા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે જે પ્રતિષ્ઠિત વિશ્વવિદ્યાલયનો હું વિદ્યાર્થી રહ્યો એ વિશ્વવિદ્યાલયે ડૉક્ટર ઑફ લિટરેચરની પદવીથી સન્માન કર્યું તે માટે સવિનય આભાર વ્યકત કરૂ છું.

પ્રવાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેની સાથે માણસા નગરપાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૧.૪૮ કરોડના ખર્ચે એલ.ઇ.ડી સ્ટ્રીટ લાઇટ પોલ અને હાઇ માસ્ટ પોલના કામનું ખાતમુહર્ત કરવામાં આવનાર છે. માણસાના વૈભવ- વારસા સમા ચંદ્રાસર તળાવના બ્યુટિફિકેશનનું કામ અમતૃ સરોવર – ૨.૦ યોજના હેઠળ રૂપિયા ૪ કરોડ ૨૩ લાખના ખર્ચ થનાર છે. જે કામનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવનાર છે. માણસા તાલુકામાં રૂપિયા ૧૧ કરોડના ખર્ચે મોડેલ સબ રજીસ્ટિરા કચેરીના નવીન ભવન નિર્માણ કરવાના કામનું ભૂમિ પૂજન કરવામાં આવશે. તેની સાથે બાપુપુરા પી.એચ.સી અને ચરાડા સી.એચ.સી. ની તકતિનું અનાવરણ પણ કેન્દ્રીય ગૃહ મંત્રીના હસ્તે કરવામાં આવશે. તેમજ એન.એસ.જી. હબ માટે લેકાવાડા નજીક ૬૦ એકર જમીનમાં રૂપિયા ૨૧૫ કરોડના ખર્ચે તૈયાર થનાર સંકુલનું ખાતમુહૂર્ત પણ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે થનાર છે. 'મેરી માટી – મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે માણસા ખાતે શિલાફલકમનું પણ અનાવરણ થશે.

નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવૃતિના કિસ્સામાં સરકાર દ્વારા રાબેતા મુજબના ભાડા દર સાથે જ કર્મચારી છ મહિના સુધી આવાસ જાળવી રાખી શકે તેવી જોગવાઇ કરાઇ છે. પરંતુ ત્યાર બાદ પણ આવાસ ખાલી કરવામાં આવતા નહીં હોવાની વાત તંત્ર માટે શિર દર્દ બની ચૂકી હતી.

સરકારી આવાસની ઘટ છે રહેણાક ને લાયક મકાનો બહુ ઓછા છે ત્યારે અત્યાર સુધી કર્મચારીઓ આવાસ વિભાગને પરત સોંપવામાં પણ ઉદાસીનતા દાખવતા હતા નિવૃતિ, અવસાન અને બદલીના કિસ્સામાં કર્મચારીઓ ત્વરિત આવાસ નો કબ્જો પરત કરી દે તે અનિવાર્ય છે આમ ન થતા જ્યારે ઇવીક્શન કોર્ટમાં કેસ કરવામાં આવે છે. જ્યારે હમણાં ૫૦ કિસ્સામાં આવાસ ખાલી કરવા નોટિસ પણ આપવામાં આવી છે જો કે હવે પેન્શન સહિતના લાભો અટકી જતાં આવાસ મામલે તંત્રને શિરદર્દ માં રાહત મળી છે.

ખર્ચને મંજુરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્લાય અને ડ્રેનેજ નેટવર્કની કામગીરીને અનુલક્ષી રૂ ૩૨.૫૮ લાખના વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિવિધ ટી પી વિસ્તારમાં ગટર લાઇનની કામગીરીને અનુલક્ષીને રૂ૧૯,૭૯ લાખના વધારાના કામ અન્વયે ખર્ચને મંજુરી આપવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. કોટેશ્વરમાં પણ પાણી ગટરના કામો માટે ટેન્ડરમાં ૨૨.૬૮ લાખના વધારાના ખર્ચને મંજુરી અપાઇ હતી. મંડપ ડેકોરેશનની કામગીરી માટે પમ નીચા ભરેયેલા રૂ ૬૩.૬૬ લાખના ટેન્ડરને મંજુરી આપવામાં આવી હતી.કોર્પોરેશનના સમાવિષ્ટ વિવિધ વિસ્તારમાં પાણીના કામો માટે પણ સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. અમીયાપુર , સુઘડ તેમજ ઝુંડાલમાં ડ્રેનેજ લાઇનના કામ માટે પણ ઇજારેદારની મુદ્દતમાં આઠ મહીનાનો વધારો કરવા માટેની દરખાસ્તને મંજુરી આપવામાં આવી હતી બેઠક દરમિયાન ઝુંડાલ ગામતળમાં પણ પાણી વિતરણની વ્યવસ્થાના કામને અનુલક્ષીને ૯ મહીનાની મુદત વધારવામાં આવી છે. બોરીજમાં સી સી રોડ કામગીરીને અનુલક્ષીને તેમજ કોલવડા અને વાવોલમાં સ્મશાનના કામને અનુલક્ષી સમયમર્યાદામાં ૬ મહીના વધારવામાં આવી છે. મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને સભાસદોના નિયત બજેટ વર્ષ ૨૦૨૩-૨૪માંથી લોકઉપયોગી કામગીરી માટે કોમ્પ્યુટર , ટેબલેટ સ્કુલ બેગ સહીતની બાબતો ઉમેરીને લોકઉપયોગી કામો હાથ ધરવા માટેની યોજના સંદર્ભે પણ સુધારાને મંજુરી આપવામાં આવી હતી. જયારે ૯૪ સફાઇ કામદારોને હીન્દીની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય પણ લેવાયો હતો.

દબાણો દૂર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી શહેરમાંથી આગામી દિવસોમાં પણ દબાણો દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે જો કે સેકટરોમાં અનેક ઠેકાણે દબાણોનો અડ્ડો છે. જયારે વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ગિરફતમાં છે ત્યારે વનતંત્રએ પણ દબાણો દુર કરવા માટે કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ભારત છોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓળખાશે. સમયના બહુચર્ચીત રાજદ્રોહના કાનૂનને ખત્મ કરવા અને તેના સ્થાને આજની આવશ્યકતા મુજબનો કાનૂન લાવવા જાહેરાત કરી છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સરકારે રાજદ્રોહનો કાનૂન પુરી રીતે ખત્મ કરવાનો નિર્ણય કર્યો છે. આ લોકતંત્રમાં બોલવાનો અધિકાર છે અને આ કાનૂન સાથે સંકળાયેલા અલગતાવાદ, સશસ્ત્ર બળવા વિધ્વંશક પ્રવૃતિ, દેશની એકતા તથા અખંડીતા સામે ખતરો ઉભો કરવો.

IPC-Cr.PC નવા નામે આવશે : ભારતીય ન્યાય સંહિતા; ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ સંસદની સિલેકટ સમીતીને સુપ્રત કરાશે. આ તમામ જોડાયેલા છે તેની વ્યાખ્યા નિશ્ચીત કરીને તેના માટે અલગ અલગ જોગવાઈ જશે અને તેમાં પુરી સંપતિ ખાલસા કરવાનો અધિકાર પણ છે. તપાસ કરનાર પોલીસ અધિકારીના રિપોર્ટ પર અદાલત સંજ્ઞાન લઈને તેમાં આદેશ કરશે પણ પોલીસ અધિકારી કોઈ આદેશ નહી કરી શકે. શ્રી શાહે આ ઉપરાંત લવ-જેહાદમાં જે રીતે પક્ષની અસલ ઓળખ છુપાવીને મહિલાને છેતરીને તેની સાથે લગ્ન કરવા કે લગ્ન-નોકરી-બઢતી વિ.ના જૂઠા વાયદા અને ખોટી ઓળખ બતાવીને જાતીય સંબંધ બોલવા તેને હવે અપરાધની શ્રેણીમાં લેવાયો છે.

ગેંગરેપના તપાસ મામલામાં ૨૦ વર્ષની કે પછી આજીવન જેલ સજાની જોગવાઈ કરવામાં આવી છે અને તેમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથેના આ પ્રકારના સંબંધો કે ગેંગરેપમાં મૃત્યુદંડની સજાની પણ જોગવાઈ કરાશે. શ્રી શાહે કહ્યું કે ભાગેડું આરોપીઓને પણ સજાની જોગવાઈ કરશે જે ભાગી જાય તેની સામે ટ્રાયલ નહી તેવી સ્થિતિ નહી રહે. તેની ગેરહાજરીમાં પણ ટ્રાયલ થશે તે દુનિયામાં ક્યાંય પણ હોય તેને સજા સંભળાવાશે અને જો સજાથી બચવું હોય તો ન્યાય સમક્ષ આવશે તો જ ફર્ક પડશે. શ્રી શાહે જણાવ્યું કે ટોળા દ્વારા થતી હત્યા મોબલીંચીંગમાં ૭ વર્ષની જેલ સજા કે આજીવન કારાવાસ અને મૃત્યુદંડની સજાની જોગવાઈ છે.

તેઓએ મહિલા સુરક્ષા માટે ચેન સ્નેચર પણ સજા થશે. ઉપરાંત ગંભીર ઈજાથી કોઈ કોમામાં જાય તો ૭ વર્ષની જેલ સજાની જોગવાઈ છે તેના બદલે હવે કાયમી અપંગતામાં ૧૦ વર્ષ સુધીની જેલ સજા થશે. તેઓએ કહ્યું કે સજા માફીમાં પણ હવે શરતો હશે. જેમાં રાજકીય રીતે ખૂબજ ઉપયોગ થતો હતો. કોઈની સજા માફીમાં મૃત્યુની સજા આજીવન કારાવાસની સજામાં તબદીલ થાય છે. અજીવન કારાવાસની સજા ૭ વર્ષની જેલ સજામાં થાય છે અને ૭ વર્ષની જેલ સજા ૩ વર્ષમાં પરિવર્તન થાય છે પણ જેમાં રાજકીય કનેકશન ધરાવતા લોકોને સજા માફીનો લાભ નહી મળે.

અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધા ગામના હતા. તેઓ ચોટીલા દર્શન કરવા ગયા હતા અને પરત ફરતી વખતે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૫ મહિલા, ત્રણ બાળકો અને બે પુરુષોના મોત નિપજ્યા છે.

અકસ્માતની જે તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, તે જોઇ શકાય તેમ નથી. આ ઘટનાના વીડિયોમાં જ જોવા મળ્યું હતું કે, છોટાહાથીના કેબિનમાં ત્રણ લોકો બેસેલા હતા અને ટ્રક સાથે ટક્કર થતાં તેઓ કેબિનમાં દબાઇ ગયા હતા. જેમને કાઢવા માટે લોકો પ્રયાસ કરી રહ્યા હતા.

ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ઘાયલોને સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. જ્યારે મૃતકોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી.

અકસ્માતને પગલે હાઇવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ટ્રાફિકજામ દૂર કરવા પ્રયાસ હાથ ધર્યો હતો. અકસ્માતને પગલે હાઇવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ટ્રાફિકજામ દૂર કરવા પ્રયાસ હાથ ધર્યો હતો.

આ ગમખ્વાર અકસ્માત બગોદરા મીઠાપુર પાટિયા પાસે સર્જાયો હતો. જ્યાં ટ્રક પાછળ મીની ટ્રક ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ ૫ લોકોને સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે.

ડોક્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કોઈ હોસ્પિટલમાં સારવાર લેનાર દર્દીને તેના દસ્તાવેજોની માહિતી જોઈતી હશે તો હોસ્પિટલ દ્વારા ડૉક્ટરે આ કામગીરી મહત્તમ ૫ દિવસમાં પૂરી કરવાની રહેશે. અગાઉ તેના માટે ૭૨ દિવસનો સમય મળતો હતો. ડૉક્ટરો હવે તેમના નામની આગળ બેફામ રીતે ડિગ્રીઓના નામ પણ નહીં લખી શકે. તેઓએ ફક્ત એનએમસીદ્વારા પ્રાપ્ત ડિગ્રી કે ડિપ્લોમા જ લખવાનું રહેશે. તેના વિશે એનએમસીની સાઈટ પર વિગતો ઉપલબ્ધ રહેશે.

માર્ગ ફરી બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિરમૌરીતાલ ગામ પાસે ભૂસ્ખલનમાં દટાયેલા બે મૃતદેહ મળી આવ્યા છે. હિમાચલ પ્રદેશના ચંદીગઢ-શિમલા હાઈવે પર ૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સાંજે ભારે વરસાદ પડ્યા બાદ ચકી મોર પાસે ભૂસ્ખલનને કારણે એનએચનો ૫૦ મીટરનો ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. જો કે ૨ ઓગસ્ટની બપોર સુધીમાં તેને હળવા વાહનો માટે ખોલવામાં આવ્યો હતો, પરંતુ થોડા સમય બાદ ફરી વરસાદ પડ્યો હતો જેના પગલે ભૂસ્ખલન થયુ હતું અને ફરીવાર NHને નુકસાન થયું હતું. ત્યારથી અત્યાર સુધી હાઈવે પર વાહનોની અવરજવર ઠપ્પ થઈ હતી, જો કે બે દિવસ પહેલા આ હાઈવે ખોલવામાં આવ્યો હતો ત્યાં ગઈકાલે ભૂસ્ખલન થતા ફરીથી બંધ કરવામાં આવ્યો છે.